RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 172, Dt.04-10-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ઈઝરાયેલ-ઈરાન યુદ્ધને કારણે વિશ્વમાં ચિંતાના વાદળો

## ઈઝરાયેલ – ઈરાન જંગમાં આજનો દિવસ મહત્વનો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ઈઝરાયેલ-ઈરાન યુદ્ધ વચ્ચે આજે એટલે કે શુક્રવારનો દિવસ ખૂબ જ મહત્વપૂર્ણ છે. એક તરફ હિઝબુલ્લાના ચીફ હસન નસરાલ્લાહના અંતિમ સંસ્કાર થશે, તો બીજી તરફ ઈરાનના સર્વોચ્ચ નેતા ખમેનીનું પ્રથમ સંબોધન.ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખમેની શુક્રવારની નમાજની આગેવાની કરશે. નસરાલ્લાહને હટાવ્યા બાદ તેઓ પ્રથમ વખત રાષ્ટ્રને સંબોધિત કરશે. ખામેની મધ્ય તેહરાનમાં ઈમામ ખોમેની ગ્રાન્ડ મસ્જિદમાં શુક્રવારની નમાજનું નેતળત્વ કરશે. સ્થાનિક સમય અનુસાર સવારે ૧૦.૩૦ વાગ્યે નસરાલ્લાહના સન્માનમાં એક બેઠકનું પણ આયોજન કરવામાં આવશે. હિઝબુલ્લાના ચીફ હસન નસરાલ્લાહની હત્યાના કારણે થયેલા હોબાળા વચ્ચે તેના અંતિમ સંસ્કારને લઈને ભયનું વાતાવરણ છે. નસરાલ્લાહને આજે એટલે કે શુક્રવારે અંતિમ સંસ્કાર કરવામાં આવશે. હસન નસરાલ્લાહૂ બેરૂતમાં તેમના હેડક્વાર્ટરમાં તેમના બંકરમાં ઈઝરાયલી હવાઈ હુમલામાં માર્યો ગર્યો હતો. ઈઝરાયેલે જે રીતે હિઝબુલ્લાહને ધુળ ચાટતુ કર્યુ તેથી તેના નેતાઓ અને સમર્થકો ચોંકી ગયા છે. ઈઝરાયેલના મીડિયા રિપોર્ટ્સ અનુસાર, હિઝબુલ્લાના ચીફ હસન નસરાલ્લાહના અંતિમ સંસ્કાર શુક્રવારે કરવામાં આવશે. જો કે, તેમના અંતિમ સંસ્કારને લઈને હજુ પણ સસપેન્સના વાદળો છવાયેલા છે. બધું ખૂબ જ ગોપનીય રીતે કરવામાં આવી રહ્યું છે. હસન નસલ્લાહના મળતદેહને લઈને હજુ પણ સસ્પેન્સ છે. હિઝબુલ્લાહના અધિકારીઓએ રોઈટર્સ ન્યૂઝ એજન્સીને જણાવ્યું હતું કે ઈરાન સમર્થિત હિઝબુલ્લાહને પણ ઈઝરાયલી હુમલાઓ અને હિઝબુલ્લા પર વધુ હુમલાના ભયને કારણે નસરાલ્લાહના ધાર્મિક અને નેતળત્વના દરજ્જાને માન્યતા આપવા માટે દેશવ્યાપી અંતિમ સંસ્કાર



યોજવાથી અટકાવવામાં આવી છે. એટલે કે ઈઝરાયલના ડરના કારણે નસરાલ્લાહના અંતિમ સંસ્કાર પણ ખૂબ જ ગુપ્ત રાખવામાં આવ્યા છે.નસરાલ્લાહને તેમના મળત્યુના લગભગ એક અઠવાડિયા પછી આજે અંતિમ સંસ્કાર કરવામાં આવશે. કહેવામાં આવી રહ્યું છે કે તેમને કરબલામાં દફનાવવામાં આવી શકે છે. તેના સન્માનમાં પ્રતીકાત્મક અંતિમયાત્રા કાઢવામાં આવશે.

ઈઝરાયેલના હુમલાના ડરને કારણે તેને પ્રતીકાત્મક અંતિમ સંસ્કાર કહેવામાં આવી રહ્યું છે. તેને સંપૂર્ણ ગોપનીય રીતે બહાર પાડવાની તૈયારીઓ ચાલી રહી છે.

## બીજુ નોરતુંઃ સંયમ, ત્યાગ અને સદાચારની ભાવના પ્રદાન કરનારી માતા બ્રહ્મચારિણીની તપસ્યા અને શક્તિનું વરદાન પામવાનો અવસર



ભગવાન શંકરને પતિ રૂપમાં પ્રાપ્ત કરવા માટે ઘોર તપ કર્યું હતું. આ કઠીન તપને કારણે આ દેવીને તપશ્વારિણી અર્થાત બ્રહ્મચારિણીના નામથી પણ ઓળખવામાં આવે છે. તેમણે ત્યાગ અને તપની દેવી પણ માનવામાં આવે છે. નવરાત્રીમાં બીજા દિવસેમાં બ્રહ્મચારિણી સ્વરૂપની પૂજા કરવામાં આવે છે. નવરાત્રી માં દુર્ગા પૂજાના અવસરે મા દુર્ગાના વિવિધ સ્વરૂપોની પૂજા અર્ચના કરવામા આવે છે. ભગવાન શંકરને પતિ રૂપમાં પ્રાપ્ત કરવા માટે ઘોર તપ કર્યું હતું. આ કઠીન તપને કારણે આ દેવીને તપશ્વારિણી અર્થાત બ્રહ્મચારિણીના નામથી પણ ઓળખવામાં આવે છે. તેમણે ત્યાગ અને તપની દેવી પણ માનવામાં આવે છે. માં બ્રહ્મચારિણી એ શ્વેત વસ્ત્ર પહેર્યા છે. એમના એક હાથમાં અષ્ટદળની જપમાળા અને બીજા હાથમાં કમંડલ સુશોભિત છે. નવરાત્રીમાં બીજા દિવસેમાં બ્રહ્મચારિણી સ્વરૂપની પૂજા કરવામાં આવે છે. નવરાત્રીમાં દુર્ગા પૂજાના અવસરે મા દુર્ગાના વિવિધ સ્વરૂપોની પૂજા અર્ચના કરવામા આવે છે. ભગવાન શંકરને પતિ રૂપમાં પ્રાપ્ત કરવા માટે ઘોર તપ કર્યું હતું.

## મણિપુરમાં ભીડનો પોલીસ સ્ટેશન પર હુમલોઃ દારૂગોળા અને હથિયારોની લુંટ ચલાવી

**મુખ્ય સમાચાર,મણીપુર**

અહીંના ઉખરૂલમાં બે જુથો વચ્ચેની અથડામણ દરમ્યાન આ બન્ને જુથોએ પોલીસ સ્ટેશન પર હુમલો કરી દીધો હતો અને પોલીસ સ્ટેશનમાંથી હથીયારોની લુંટ ચલાવી હતી. એક વિવાદીત જમીનની સફાઈ દરમ્યાન બે જુથો વચ્ચે થયેલા ફાયરીંગમાં ત્રણ લોકોના મોત થયા હતા અને ૨૦ લોકો ઘાયલ થયા હતા. જેમાં ૧૦ લોકોની હાલત નાજુક છે.

વિવદીત જમીનમાં સફાઈ મામલે અહી નાગા સમુદાયનાં બે જુથ વચ્ચે અથડામણ થઈ હતી જેને પગલે શહેરમાં નિષેધાજ્ઞા લાગુ કરાઈ હતી અને મોબાઈલ-ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવાઈ હતી.

એક અધિકારીનાં જણાવ્યા અનુસાર ઉખરૂલમાં હિંસા ભડકયા




બાદ મોટાભાગનાં યુવાનોની ભીડે પોલીસ સ્ટેશન પર હુમલો કરીને સરકારી હથીયારોની લુંટ ચલાવી હતી. જેમાં એકે-૪૭ ઈન્સાસ રાયફલોની લુંટ ચલાવાઈ છે.

ઉલ્લેખનીય છે કે જાતીય સંઘર્ષને કારણે આ રાજયોમાં અગાઉ અગાઉ પણ અને પોલીસ સ્ટેશનોમાં હથીયારોની લુંટની ઘટના બની છે. સુત્રના જણાવ્યા અનુસાર નાગા બહુમતી ક્ષેત્રમાં કોઈ પોલીસ સ્ટેશન પર હુમલાની આ પ્રથમ ઘટના છે.

## યુદ્ધને કારણે મોંઘવારી ભડકીઃ ક્રુડ - સોનું મોંઘાઃ રૂપિયો - શેરબજાર ગગડયા

### ક્રુડતેલ મોરચે ટ્રીપલ મારઃ બ્રેન્ટ ક્રુડના ભાવ વધ્યાઃ રૂપિયો ગગડતા આયાત વધુ મોંઘી અને શિપીંગ ભાડા પણ વધી ગયા

**મુખ્ય સમાચાર,મુંબઈ**

મધ્યપૂર્વમાં સર્જાયેલા તનાવની અસર ભારતીય શેરબજાર પર પડી છે અને ગઈકાલે છેલ્લા ત્રણ વર્ષનો સૌથી મોટો સિંગલ ડે કડાકો નોંધાયો પણ આંતર રાષ્ટ્રીય ચલણ બજારમાં તે રીતે ડોલર અને અન્ય મજબુત કરન્સી સામે રૂપિયો જે રીતે ગગડી રહ્યો છે તેનાંથી ભારતના આયાતકારોની ચિંતા વધી છે.

ગઈકાલે રૂપિયો પ્રતિ ડોલર ૮૩.૯૩ ની સપાટીએ પહોંચ્યો જે છેલ્લા બે માસનો સૌથી મોટો ઘટાડો હતો.ક્રુડતેલનાં ભાવ પણ નીચા જવા લાગ્યા છે અને તેમાં રૂપિયો પણ ગગડતા સૌ પ્રથમ ક્રુડતેલની આયાત વધુ મોંઘી થશે તો સોનાને મોંઘુ બનાવવામાં પણ રૂપિયાની વધુ નેગેટીવ ભૂમિકા મહત્વની બની રહેશે.

દિવાળીનાં તહેવારો સમયે તેથી હવે ફૂગાવો ફરી ઉંચો જશે અને મોંઘવારી વધી શકે છે અને તેથી હાલનાં રેડ-કટથી આગામી દિવસોમાં જે રીતે ભારતમાં વ્યાજદર ઘટવાની આશા હતી તેના પર પણ પાણી ફરી વળશે. જો મધ્યપૂર્વનું યુદ્ધ વધુ લાંબુ ચાલે તો ભારતની ચિંતા વધી જશે.

વ્યાજદરમાં ઘટાડાની આશા પર પણ પાણી ફરી વળી શકે છે. ગઈકાલે રૂપિયો અમેરીકી ડોલર સામે ૧૪ પૈસા તૂટીને ૮૩.૮૨ ની સપાટીએ પહોંચ્યો હતો.તે રૂપિયો ૮૪ ની સપાટી પણ તોડીને વધુ સસ્તો બને તો રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાને દરમ્યાનગીરી કરવી પડશે.

કારણ કે રૂપિયો તૂટી રહ્યો છે. તો બીજી તરફ વિદેશી સંસ્થાકીય રોકાણકારો પણ શેરબજારમાંથી નાણા પાછા ખેચી રહ્યા છે તેથી માર્કેટમાં પણ કડાકા ભડાકા થયા છે.બ્રેન્ટ ક્રુડ જે ભારતીય બાસ્કેટનું ક્રુડ ગણાય છે તે પ્રતિ બેરલ ૭૫.૪૨ ની સપાટીએ પહોંચી ગયુ જે દ્વારા ઓઈલ માર્કેટીંગ કંપનીઓનું સરેરાશ લેવલ છે.

અહીથી પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારા-ઘટાડા મુદ્દે નિર્ણય લે છે. જોકે હાલમાં ૭૦ ડોલરથી પણ નીચે ભાવ ગયા છતા પણ પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટાડાયા નહી તે પણ પ્રશ્ન છે.

ઉપરાંત યુદ્ધના કારણે ક્રુડતેલનો લોજીસ્ટીક ખર્ચ, પરિવહન માટેનાં શીપીંગ ભાડા પણ વધી ગયા છે. ભારત તેની જરૂરીયાતનાં ૮૦ ટકા ક્રુડતેલ આયાત કરે છે તેથી આ ફેકટર મહત્વનું છે.

ચીને જે રીતે તેનાં અર્થતંત્રને ઠીક




કરવા માટે જે નાણાકીય સ્ટીમ્યુલેટ જાહેર કર્યુ પછી ફરી એક વખત આ દેશ વિશ્વના રોકાણકારો માટે નવી આશા સર્જી ગયો અને ભારતનાં શેરબજારમાંથી નાણા પાછા ખેચાઈ રહ્યા છે અને અમેરીકી ફેડ દ્વારા પણ વ્યાજદર ઘટાડાયા છે. હજુ બીજા ૫૦ બેઝીક પોઈન્ટનો ઘટાડો આગામી વર્ષ આવી શકે છ તો ભારત માટે પણ પરિસ્થિતિ વણસશે આમ હજુ બે માસ પુર્વે નવા ખરીફ પાકની આશાથી દિવાળી બાદ મોંઘવારીનો માહોલ સુધરશે તેવી આશા હતી તે પણ હવે રહી નથી. વ્યાજદર ઘટાડા અંગે આ માસમાં જ રીઝર્વ બેન્કે નિર્ણય લીધો છે.

## મધ્યપૂર્વમાં તૈનાત અમેરિકી નૌકાદળ માટે ૧.૨ બિલિયન ડોલરના શસ્ત્રોનો સ્ટોક

### ઈઝરાયેલ ભણી જતા મિસાઈલ ડ્રોન તોડી પાડવા સતત એકશનમા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

એક તરફ રશીયા સામે લડી રહેલા યુક્રેનને અમેરીકા સહીતનાં નાટોના રાષ્ટ્રો શસ્ત્રો અને નાણા મદદ કરીને યુક્રેનને મજબુત બનાવવાની સાથે યુદ્ધમાં પણ ઈંધણ ભરી રહ્યા છે. તો બીજી તરફ ઈઝરાયેલ એ જે રીતે પહેલા હમાસ અને હવે હિઝબુલ્લાહ સામે મોરચો ખોલ્યો છે તેમાં રેડ-સી સહિતના ક્ષેત્રોમાં તૈનાત અમેરીકી નૌકાદળ મદદ કરી રહ્યું છે.

અમેરીકી યુદ્ધ જહાજો ઈઝરાયેલ ભણી જતાં મિસાઈલ-રોકેટ વિ.ને હવામાં જ આંતરીને તોડી ઈઝરાયેલનો બચાવ કરે છે. આ મધ્યપૂર્વ ક્ષેત્રમાં તૈનાત અમેરીકાનાં નૌકાદળમાં મિસાઈલ તથા અન્ય ઘાતક શસ્ત્રોનો પુરવઠો જાળવવા અમેરીકા સતત સપ્લાય કરી રહ્યું છે અને ઈરાન તથા હિઝબુલ્લાહના વિ.ના ઈઝરાયેલ પર હુમલા બાદ અમેરીકાએ તેના આ ક્ષેત્રમાં તૈનાત નૌકાદળમાં ૧.૨ બીલીયન ડોલરના શસ્ત્રો-મિસાઈલનો પુરવઠો ઠાલવ્યો છે.

અમેરીકી સંસદ સમક્ષ રજુ થયેલા બજેટ દસ્તાવેજોમાં આ માહીતી આપવામાં આવી છે જે ડીફેન્સ મીનીસ્ટ્રી એ ઓનલાઈન કરી છે.અમેરીકી યુદ્ધ જહાજો આ ક્ષેત્રમાં ઈઝરાયેલ ભણી દાગવામાં આવતા મીસાઈલ રોકેટને હવામાં જ આંતરીને તોડી પાડે છે તો ઈઝરાયેલ ભણી જતાં ડ્રોન જે હવાઈ હુમલા કરી શકે છે તેને પણ તોડી પાડવામાં આવી રહ્યા છે.અમેરીકી સેનેટ સમક્ષનાં



દસ્તાવેજો મુજબ દરીયામાંથી પ્રહાર કરી શકાય તેવા આરટી એક્સ કોર્પ, સ્ટાન્ડર્ડ મીસાઈલ-૩ માટે ૧૯૦ મીલીયન ડોલરનો ખર્ચ કરી તેનો સ્ટોક કરવામાં આવ્યો છે તો ૮.૫ મીલીયન ડોલર એર-ટુ-એર એઆઈએમ. એકસ સાઈડ વિન્ડર મિસાઈલ માટે ખર્ચ થાય છે.અમેરીકાએ આ વર્ષ મધ્ય પુર્વમાં શસ્ત્રો તથા અન્ય પુરવઠો જાળવી રાખવા તથા અહી તૈનાત યુદ્ધ જહાજોનાં મરામત અને જાળવણી પાછળ ૩૦૦ મીલીયન ડોલરનો ખર્ચ કર્યો છે. ઈઝરાયેલ માટે અમેરીકાનો આ હવાઈ અને સમુદ્રી મદદ મહત્વની છે.

## ૧.૨૫ લાખ યુવાઓ માટે ઈન્ટર્નશીપ યોજનાનો પ્રારંભઃ અનામતની જોગવાઈ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં સ્કીલ-ઔદ્યોગીક સહીતનાં ક્ષેત્રોમાં કુશળ કારીગરો અને કુશળ-વર્કફોર્સ મળી રહે તે માટે મોદી સરકારના સ્કીલ-ઈન્ડીયાનાં મહત્વાકાંક્ષી આયોજનમાં હવે સમાજના છેવાડાનાં વર્ગને પણ તક મળી રહે તે માટે રૂા.૮૦૦ કરોડના બજેટ-ભંડોળ વચ્ચે અનામત આધારીત ઈર્ન્ટનશીપ યોજનાની જાહેરાત કરી છે.

જેમાં ૨૧ થી ૨૪ વર્ષનાં ૧.૨૫ લાખ યુવાનોએ વિવિધ કંપનીઓમાં ઈન્ટરશીપ આપવામાં આવશે જેના કારણે આ એક વિશાલ કુશળ તાલીમબદ્ધ અને આધુનિક સમયનાં મેનેજમેન્ટ ટેક્નોલોજીથી જાણકાર વર્ક-ફોટો તૈયાર થશે. કોર્પોરેટ બાબતોનાં મંત્રાલય દ્વારા આ યોજના અમલમાં મુકાશે આ સમગ્ર યોજનામાં અનામતનાં જે નિયમો છે તેનો ચુસ્તપણે અમલ થશે. આ એક પાઈલોટ પ્રોજેક્ટ છે.કેન્દ્રીય બજેટમાં નાણામંત્રી નિર્મલા સીતારામને રોજગાર-સબંધી ઈન્ટરશીપ યોજનાની જાહેરાત કરી હતી. જેમાં આગામી પાંચ વર્ષમાં ૧ કરોડ યુવા વર્ગને સ્કીલ યોજના હેઠળ સાંકળી લેવાશે.જેનો પ્રથમ તબક્કો શરૂ થયો છે. જેમાં ઈન્ટરશીપમાં જોડાનારા યુવા વર્ગને ૧૨ માસની સરકારી સ્કોલરશીપ સાથેની મદદ મળશે હાલ પાઈલોટ પ્રોજેકટ રજુ થયો છે પણ ભવિષ્યમાં પુરા બજેટની મંજુરી બાદ યોજના પૂર્ણ રીતે લાગુ થશે. આ માટેના પોર્ટલને મેનેજ કરવાની જવાબદારી ગુજરાત સરકારના ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટયુટ ફોર સ્પેસ એપ્લીકેશન એન્ડ જીયો ઈન્ફોમેટીક્સને સુપ્રત થઈ છે. દેશની ટોચની




૫૦૦ કંપનીઓ માટે તેના નફામાંથી કાર્યરત સોશ્યલ રિસ્પોન્સી બીલ્ટીનું ભંડોળ ફાળવવુ ફરજીયાત છે તે હેઠળ આ યોજના અમલી બનશે જોકે કંપનીઓ માટે આ યોજનામાં જોડાવુ સ્વૈચ્છીક છે.આગામી તા.૧૦ થી કંપનીઓ તેઓ કેટલા ઈન્ટરનીને સમાવી શકે તેમ છે. તે અંગે માહીતી સાથે અરજી ઓનલાઈન પોર્ટલ મારફત આપી શકશે. તેને તા.૧૨ થી ૨૫ ઓકટોબર સુધીમાં તેમાં ઈન્ટરશીપ માટે અરજી કરી શકાશે અને ૮ થી ૧૫ વચ્ચે તેઓને ઈન્ટરશીપ ઓફર કરાઈ છે .

## તિરૂપતિ લાડુ વિવાદ તપાસમાં SIT રચતી સુપ્રિમ : CBI વડા મોનિટરીંગ કરશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારત સહિત વિશ્વમાં કરોડો શ્રધ્ધાળુઓ મહત્વ તિરૂપતિ-તિરૂમાલા-વેંક્ટેશ્વરસ્વામી મંદિરના પ્રસાદના વિવાદમાં સુપ્રિમ કોર્ટે એક તરફ આ સમગ્ર પ્રકરણમાં ક્યાં રાજકારણ નહીં લાવવા ફરી એક વખત આકરા શબ્દોમાં ચેતવણી આપવાની સાથે હવે લાડુમાં પ્રાણીઓની ચરબી સાથેના ઘીના ઉપયોગ અને તેના રીપોર્ટ સહિતના મુદ્દે તપાસ માટે ખાસ તપાસ ટીમની રચના કરવા અને તેનું મોનીટરીંગ સીબીઆઈના ગેટર કરશે તેવી જાહેરાત કરી છે.

સર્વોચ્ચ અદાલતના નિર્દેશ મુજબ આ ખાસ તપાસ ટીમમાં સીબીઆઈના બે અધિકારી આંધ્ર પ્રદેશ પોલીસ દળના બે અધિકારી અને એક વરિષ્ઠ એફઆઈએસએસઆઈ અધિકારી રહેશે અને સંપૂર્ણ તપાસનું મોનટરીંગ સીબીઆઈના વડા કરશે તેવા આદેશ આપ્યા હતા.

તિરૂપતિ મંદિરમાં જે પ્રસાદ તરીકે લાડુનો ઉપયોગ થાય છે તેની બનાવટમાં વપરાતા ઘીમાં પ્રાણીઓની ચરબી અને અન્ય વાંધાજનક ચીજોનો ઉપયોગ થયો છે તે લેબ રીપોર્ટ બાદ આ વિવાદ સર્જાયો હતો. અને આંધ્ર પ્રદેશમાં તેલુગુ દેશમ સરકારે આ માટે અગાઉના શાસક વાયએસઆર કોંગ્રેસ સરકાર અને તેના મુખ્યમંત્રી જગન મોહન રેડ્ડીને જવાબદાર ગણાવ્યા હતા.

તે બાદ તેમાં રાજકારણ બહાર



આવતા સુપ્રિમ કોર્ટે તેની સામે લાલ આંખ કરીને એક તબકકે ભગવાનને તો કમસે કમ રાજકારણથી દૂર રાખો તેવી આકરી ટકોર પણ કરી હતી. સુપ્રિમ ફુડ સેફટી સ્ટાર્ન્ડડ ઓફ ઈન્ડિયા (એફએસએસએઆઈ)ના અધિકારીને નિયુક્ત કરીને ઘીની ગુણવત્તા અંગે માપદંડમાં પણ સરકારની એજન્સીની ભૂમિકા નિશ્ચિત કરી હતી.

## મધ્ય પૂર્વમાં સર્જાયેલા સંકટના કારણે મોદી સરકાર હવે એક્શનમાં આવી

### ક્રૂડ તેલ આયાત પર અસર થવાની શક્યતાઃ પુરતો સ્ટોક ઉપલબ્ધ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

મધ્ય પૂર્વમાં સર્જાયેલા સંકટના કારણે ભારત પર થઈ શકતી અસર અંગે મોદી સરકાર હવે એક્શનમાં આવી છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબીનેટ બેઠકમાં ક્રુડ તેલ સપ્લાય સહિતના મુદ્દે સમિક્ષા કરવામાં આવી હતી અને તે મુજબ સ્ટોક સહિતના આંકડાઓ પણ કેબીનેટ સમક્ષ રજૂ થયા હતા.

ખાસ કરીને આગામી સમયમાં ઈઝરાયેલ ઈરાનના ક્રુડ તેલના મથકો પર હુમલા કરી શકે છે. અમેરિકાના પ્રમુખ જો બાઈડને આ અંગે આડક્તરો સંકેત આપી દીધો છે. ખાસ કરીને ઈઝરાયેલનો ઈરાદો ઈરાનના અણુ મથકોને નિશાન બનાવાનો છે પરંતુ તેનાથી યુદ્ધ વિસ્તરે અને મોટી ખુવારી સર્જાય તેવો ભય છે.

એક વખત અણુ મથકો પર હુમલા થાય તો વિશ્વભરમાં તેના પડઘા પડે તેથી હાલ ઈરાનના તેલ મથકોને નિશાન બનાવીને તેને આર્થિક રીતે તોડી પડાય તેવી વ્યૂહ રચના અપનાવાય તેવી ધારણા છે. ભારત તેની ક્રુડ તેલ આયાતને ૮૫ ટકા મધ્ય પૂર્વના રૂટ મારફત મેળવે છે અને જો અહીં તનાવ વધે તો ભારતની સપ્લાય સહિતને અસર થઈ શકે છે.

## પુનામાં મહિલા પર સામુહિક દુષ્કર્મ

### આરોપીએ મહિલાનાં મિત્ર પર પણ હુમલો કર્યો : દુષ્કર્મ બાદ ત્રણેય આરોપીઓ ફરાર

**મુખ્ય સમાચાર,પુના**

હિલાઓની સુરક્ષા મુદ્દે સરકારના તમામ દાવાઓ પોકળ સાબિત થઈ રહ્યા છે. મહારાષ્ટ્રના બદલાપુરનો બદલો હજી પૂરો થતાં વાર નથી થઈ ત્યાં રાજ્યના પુણે જિલ્લામાં વધુ એક દુષ્કર્મની ઘટના ઘટી છે. પુણે ફરવા ગયેલી ૨૧ વર્ષીય યુવતી પર ૩ લોકોએ મળી ગેંગરેપ કર્યો હતો. ફરવા ગયેલી યુવતીના મિત્રએ વિરોધ કરતાં આરોપીઓએ તેની પણ ધુલાઈ કરી હતી. પોલીસે યુવતીની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, યુવતી પોતાના એક મિત્ર સાથે ફરવા ગઈ હતી. તે દરમિયાન મોડી રાત્રે સુમસામ જગ્યા પર ત્રણ છોકરાઓએ તેમને પકડી લીધા હતા. ત્યારબાદ આરોપીઓ યુવતીની છેડતી



કરવા લાગ્યા હતા. યુવતીના મિત્રે તેનો વિરોધ કરતાં તેની ધોલાઈ કરી અને યુવતી સાથે ગેંગરેપ કર્યો હતો. પોલીસે જણાવ્યું કે, યુવતી મોડી રાત્રે પોતાના મિત્ર સાથે બોપદેવ ઘાટ વિસ્તારમાં ફરવા ગઈ હતી, ત્યાં રાત્રે ૧૧ વાગ્યે તેની સાથે ગેંગરેપ થયો હતો. ઘટનાની જાણ સવારે પાંચ વાગ્યે પોલીસને થઈ હતી. આરોપીની શોધખોળ ચાલુ છે. ધરપકડ માટે ક્રાઈમ બ્રાન્ચ અને ડીબીની દસ ટીમો તૈનાત કરવામાં આવી છે. મહારાષ્ટ્રમાં અવાનવાર બનતી દુષ્કર્મની ઘટનાઓને ધ્યાનમાં લેતાં એનસીપી સાંસદ સુપ્રિયા સુલેએ રાજ્ય સરકાર પર નિશાન સાધતાં કહ્યું છે કે, નપુણેમાં શું ચાલી રહ્યું છે? પુણે સહિત સમગ્ર રાજ્યમાં મહિલાઓ વિરૂદ્ધ હિંસાઓની ઘટનાઓ સતત વધી રહી છે.

# હળવદના કેમિકલ ચોરી પ્રકરણમાં ભાજપના આગેવાન સામે પણ ગુનો નોંધવા પત્રકારોએ મામલતદાર અને પોલીસ સ્ટેશનમાં આવેદનપત્ર આપ્યું







**મુખ્ય સમાચાર,હળવદ**

હળવદ તાલુકાના શક્તિનગર ગામ પાસે કેમિકલ ચોરીના ગુનામાં સંકળાયેલા ભાજપના આગેવાન નયનભાઈ ઠાકરશીભાઈ દેત્રોજાની સામે કાર્યવાહી કરવા માટે પત્રકારો દ્વારા મામલતદાર અને પોલીસને આવેદન પાઠવવામાં આવ્યું હતું.

આવેદનમાં જણાવાયુ હતું કે ગત ૦૩/૦૮/૨૦૨૪ ના રોજ એસ.ઓ.જી મોરબી દ્વારા હળવદ તાલુકાના શક્તિનગર ગામ પાસે એક રેડ કરવામાં આવેલ અને તેમા કોઈ અજાણ્યા વ્યકિત દ્વારા ટેન્કરમાથી કેમીકલની ચોરી થતી હોય જે અંગેની પોલીસ દ્વારા ટેન્કર માલીકને જાણ કરી ફરીયાદ નોંધવામાં આવી હતી. જે બાદ તે સંદર્ભે લાગતા વળગતાની પોલીસ દ્વારા ધરપકડ કરેલ અને તેમા હળવદના બે પત્રકારોની પણ આરોપી ફક્ત કૌટુંબિક સગા હોય તે આધાર ઉપર ધરપકડ કરવામાં આવી હતી. બાદ તેઓને કોર્ટમાથી જામીન ઉપર મુક્ત પણ કરવામાં આવ્યા હતા. આ તપાસ દરમિયાન ગત તા. ૧૭/૦૯/૨૪ના રોજ આરોપી એવા હરેશભાઈનુ પોલીસ દ્વારા નીવેદન લેવામાં આવેલ હતુ અને તેના નિવેદન મુજબ તેઓએ ચોરી સબબ હળવદ ખાતે રહેતા અને ભારતીય જનતા પાર્ટીના આગેવાન એવા નયનભાઈ ઠાકરશીભાઈ દેત્રોજા તેઓની સાથે સંકળાયેલા છે અને તેઓ ચોરીની રકમની આપ લે કરેલ છે અને તેના તમામ પ્રકારના પુરાવા પણ આપેલ છે. તેમ છતા આજે ૧૫ દિવસ કરતા પણ વધુ સમય વિત્યો હોય આરોપી તરીકે સક્રિય ભુમીકા ભજવેલ એવા નયનભાઈ ઠાકરશીભાઈ દેત્રોજાની ધરપકડ થયેલ નથી અને તેઓ આજે પણ હળવદ શહેરમાં વગ અને રાજકીય હીંમતનો પ્રચાર,પ્રસાર કરે છે.તેઓ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં નહી આવે ગાંધી ચીંધ્યા માર્ગે આદોલન કરવાની ચીમકી પણ પત્રકારો દ્વારા ઉચ્ચારવામા આવી છે.

**રિપોર્ટ રમેશ ઠાકોર હળવદ**

# મોરબીમાં નવરાત્રી મહોત્સવના બે પાર્ટી પ્લોટમાં જઈને ફાયર સેફટીના સાધનોના ઉપયોગ માટે તાલીમ અપાઈ



**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ દ્વારા શહેરમાં બે પાર્ટી પ્લોટમાં ગરબા કાર્યક્રમ શરૂ થાય તે પૂર્વે સ્થળ ઉપર જઈ નવરાત્રી મહોત્સવના આયોજક તથા સિક્યુરિટી ગાર્ડ અને બોડીગાર્ડ(પુરુષ મહિલા બાઉન્સર)ને આગ લાગવાના સમયે શુ કરવું અને શું ન કરવું તેના વિશે તેમજ ફાયર સેફટીના સાધનોનો કઈ રીતે ઉપયોગ કરવો તે માટે તાલીમ આપવામાં આવી હતી.

મોરબી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ વિભાગ દ્વારા આજથી પ્રારંભ થતી નવરાત્રીમાં કોઈપણ અણબનાવ ના બને તેના ભાગરૂપે ઉમિયા નવરાત્રી અને પાટીદાર નવરાત્રી મહોત્સવ પાર્ટી પ્લોટના સ્થળ પર સાંજના ૭ વાગ્યે જઈને બંને નવરાત્રી મહોત્સવ પાર્ટી પ્લોટમાં આયોજક સહિત ત્યાં ફરજ બજાવતા બોડીગાર્ડ (બાઉન્સર) અને સિક્યુરિટી ગાર્ડને આગ લાગવાની ઘટના બને ત્યારે ફાયર ટ્રેનીંગ અને અગ્નિસામક સાધનોનો કંઈ રીતે ઉપયોગ કરવો તેમજ શું કરવું ? અને શું ના કરવું ? એની પુરતી માહિતી આપવામાં આવી હતી.

વધુમાં મોરબી ફાયર વિભાગ હેડ દેવેન્દ્રસિંહ દ્વારા જણાવ્યું હતું કે મોરબી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ તો ૨૪ કલાક મોરબીની જનતાની સેવા માટે હાજર જ છે, પરંતુ જ્યારે આગ લાગવાની ઘટના બને તો ત્યાં હાજર રહેલ સિક્યુરિટી ગાર્ડ અથવા કોઈ પબ્લિકમાંથી ફાયર ટ્રેનિંગ લીધેલ હસે તો ફાયર ટીમ પહોંચે તે પહેલા પોતાની તથા બીજા લોકોની સેફટીનું ધ્યાન રાખી શકે, અને કેવી રીતે ૧૦૧ કંટ્રોલરૂમનો કોન્ટેક્ટ કરવો તે પણ જણાવવામાં આવ્યું હતું. અંતમાં તેઓએ જણાવ્યું કે (ફાયર ઓફિસર) દેવેન્દ્રસિંહ જાડેજા મો : ૯૯૭૯૦૨૭૫૨૦ અને જયેશ ડાકી મો : ૯૭૩૭૪૦૩૫૧૪ માં કોઈપણ ફાયર ઈમરજન્સી વખતે સંપર્ક કરી શકો છો.

# જામનગરમાં ધગધગતા અંગારા પર ખુલ્લા પગે રાસ રમતા યુવકો





**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં ધગધગતા અંગારા પર ખુલ્લા પગે રાસ રમતા યુવકો.જામનગરમાં નવરાત્રી નો રંગેચંગે પ્રારંભ થયો છે. રણજીતનગર વિસ્તારમાં શ્રી પટેલ યુવક ગરબી મંડળના યુવાનો દ્વારા આગના અંગારા પર ખુલ્લા પગે મશાલ રાસ રમી એક અનોખું આકર્ષણ જગાવવામાં આવી રહ્યું છે. આ ગરબી મંડળે પ્રાચીન નવરાત્રીની પરંપરા જાળવી રાખી છે.યુવાનો પરંપરાગત મશાલ રાસમાં અગ્નિમાં ગરબે ઘૂમી લોકોના આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે. જામનગરમાં થતા આ રાસ ગરબાને જોવા માટે મોટી સંખ્યામાં લોકો આવી પહોચે છે. આખરે ગુજરાતીઓ પોતાને ગરબા રમતા રોકી શકતા નથી. જામનગર શહેરમાં વિવિધ વિસ્તારોમાં.પ્રાચીન-અર્વાચીન ગરબીઓ દ્વારા માઁ આદ્યશકિતની આરાધનાનું મહાપર્વ નવરાત્રિને ભકિતભાવ સાથે ઉત્સાહભર્યા માહોલમાં ઉજવવામાં આવી રહ્યું છે.

# જામનગરમાં કુંવરજીભાઈ બાવળિયાએ જિલ્લાના અન્ન અને નાગરિક પુરવઠા, પાણી પુરવઠા તથા સિંચાઈ વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજી






**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર, રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે રાજ્ય તથા પંચાયત સિંચાઈ વિભાગ, ક્ષાર અંકુશ, સૌની યોજના, પાણી પુરવઠા તથા અન્ન અને નાગરિક પુરવઠા તેમજ ગ્રાહક સુરક્ષાની બાબતોના જિલ્લા કક્ષાના અધિકારીઓ સાથે બેઠક યોજી વિવિધ બાબતોની સમીક્ષા કરી હતી.

બેઠકમાં મંત્રીએ પુરવઠા વિભાગની ઈ- કેવાયસી ની કામગીરી, અનાજ વિતરણની વિગતો, જિલ્લાના ગોડાઉનોની સ્થિતિ, પેટ્રોલ પંપ તથા વાજબી ભાવની દુકાનોની તપાસણી વગેરે બાબતોની જાણકારી મેળવી હતી. જ્યારે પાણી પુરવઠા વિભાગના પ્રગતિ હેઠળના કામો, ડેમોમાં પીવાના પાણીના જથ્થાની સ્થિતિ, અતિવૃષ્ટિ સમયે થયેલ નુકસાન તથા કરાયેલ કામગીરી, વિલંબથી ચાલતા પ્રોજેક્ટ અને વિલંબના કારણો વગેરે બાબતે પણ ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.મંત્રીએ બેઠકમાં ઉપસ્થિત જિલ્લાના સિંચાઈ વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી પંચાયત, રાજ્ય સિંચાઈ વિભાગ હસ્તકના બંધારા, જિલ્લાની મોટી, મધ્યમ અને નાની સિંચાઈ યોજનાઓની વિગતો, મંજૂર તથા પ્રગતિ હેઠળના કામો, ચેક ડેમોની સ્થિતિ, ડેમોમાં પાણીના અનામત જથ્થાની વિગતો, જિલ્લામાં આવાનાર સમયમા સિંચાઈ સુગમ બનાવવા માટે આયોજનના કામો વગેરે બાબતે માહિતી મેળવી જરૂરી સમીક્ષા કરી હતી.બેઠકમાં મંત્રીએ પીવાના તથા સિંચાઈના કામો સત્વરે પૂર્ણ થાય તેમજ લોકોની પાયાની જરૂરિયાત સંતોષાય તે રીતે કામગીરી હાથ ધરવા સર્વે અધિકારીઓને નિર્દેશ કર્યો હતો. તેમજ વિભાગ હસ્તકના પડતર પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવી જરૂરીયાત મુજબના કામો સમયસર પૂર્ણ થાય તે દિશામાં કામગીરી હાથ ધરવા પણ સૂચન કર્યું હતું.આ બેઠકમાં જિલ્લા કલેક્ટર ભાવિન પંડ્યા, અધિક કલેક્ટર બી.એન.ખેર, જિલ્લા પુરવઠા અધિકારી બારડ, ઊંડ જળસિંચન વિભાગના કાર્યપાલક ઈજનેર હરદયા, સિંચાઈ વિભાગના કાર્યપાલક શિલ્પાબેન કણસાગરા, પંચાયત વિભાગના ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર અકબરી, પાણી પુરવઠા વિભાગના કાર્યપાલક ઈજનેર રંગવાલા સહિત લગત વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીમાં પ્રથમ નોરતે એ ડિવિઝન પોલીસની શી ટીમની કાર્યવાહી:૧૮ મોટર સાયકલ કર્યા ડિટેઈન



**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી સહિત દેશમાં નવલા નોરતાનો પ્રારંભ થઇ ગયો છે. ત્યારે મોરબી શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય રહે ઉપરાંત લોકો પરિવાર સાથે ભયમુક્ત વાતાવરણમાં નવરાત્રી મહોત્સવની ઉજવણી કરી શકે તે માટે મોરબી જીલ્લા પોલીસ દ્વારા અસામાજિક તત્વો ઉપર સતત બાઝ નજર રાખવામાં આવી રહી છે. આ ઉપરાંત શહેરમાં મહિલા પોલીસની શી ટીમ સતત પેટ્રોલિંગમાં ફરીને અસામાજિક તત્વો દ્વારા યુવતીઓ કે મહિલાઓની છેડતી કે બીજા કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે શહેરમાં વિવિધ વિસ્તારમાં ફરી રોમિયો કે અસામાજિક તત્વોને ઝડપી લઈ તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવા ખડેપગે રહી કાર્યરત હોય ત્યારે પ્રથમ નોરતે જ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકની શી ટીમ દ્વારા સતત પેટ્રોલિંગમાં રહીને સીટી વિસ્તારમાંથી કેફી પ્રવાહી પીધેલા તેમજ કેફી પ્રવાહી પી ને વાહન ચલાવતા શખ્સોને પકડી પાડવામાં આવ્યા છે. આ ઉપરાંત નંબર પ્લેટ વગરના, મોડીફાઈડ સાયલન્સરમાંથી ધ્વનિ પ્રદુષણ ફેલાવતા વાહન ચાલકના ૧૮ જેટલા વાહનો ડિટેઈન કરવાની કામગીરી કરવામાં આવી છે.

જાણવા મળતી વિગતો અનુસાર મોરબી શહેરમાં પ્રથમ નોરતે સીટી એ ડિવિઝન પોલીસ દ્વારા શહેરમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચાંપતો ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવ્યો છે. જેમાં સીટી એ ડિવિઝન પોલીસ મથકની મહિલા પોલીસની શી ટીમ દ્વારા પણ સતત પેટ્રોલિંગમાં રહી અસામાજિક તત્વો ઉપર બાઝ નજર રાખવાના આવી છે. પોલીસની શી ટીમ દ્વારા પ્રથમ નોરતે વિવિધ વિસ્તારમાં થતી ગરબીઓની મુલાકાત લેવામાં આવી હતી, અને શહેરમાં વાહન ચેકીંગની કામગીરી કરવામાં આવી હતી.

# ધારાસભ્યના પુત્ર ગણેશ સહિત પાંચ આરોપીના જામીન મંજૂર કરતી હાઈકોર્ટ

**મુખ્ય સમાચાર,ગોંડલ**

હાઈકોર્ટે જુનાગઢના અપહરણ, હત્યા પ્રયાસ, એટ્રોસિટી, આર્મ્સ એક્ટ સહિતની ગંભીર કલમો હેઠળ દાખલ થયેલ ગુનામાં ધારાસભ્યના પુત્ર ગણેશ ગોંડલ સહિત પાંચ આરોપીના જામીન હાઈકોર્ટે મંજૂર કર્યા છે. ગોંડલ ગણેશને જામીન આપતા હાઈકોર્ટ રાખી છે કે તેને છ મહિના સુધી જુનાગઢ જિલ્લામાં પ્રવેશ કરવાનો નથી.આ કેસની વિગત મુજબ, વાહન અથડાતા સહેજમાં રહી જવા બાબતે માથાકૂટ થઈ હતી જેમાં જૂનાગઢના યુવા આગેવાન સંજય સોલંકીનું અપહરણ કરવામાં આવ્યું હતું. સંજયને એક ફાર્મ હાઉસ પર લઈ જવાયો હતો. જ્યાં તેના કપડા કાઢી ઢોર માર મારવામાં આવ્યો હતો. એટલું જ નહીં આરોપીઓ દ્વારા તેની પાસે માફી મંગાવતો વીડિયો પણ વાયરલ કરાયો હતો.

આ પછી જુનાગઢ એ ડિવીઝન પોલીસ મથકમાં અપહરણ, હત્યા પ્રયાસ, આર્મ્સ એકટની કલમ-૨૫(૧-બી)(એ) અને એટ્રોસીટી એકટની કલમ-૩(૨)(૫) મુજબની ફરિયાદ નોંધાઈ હતી. જેમાં આરોપી તરીકે જ્યોતિરાદિત્યસિંહ (ગણેશ) જયરાજસિંહ જાડેજા, જયપાલસિંહ ક્રિપાલસિંહ રાણા(જે.કે. રાણા), ઈન્દ્રજીતસિંહ (ઈન્દુભા) દાદુભા જાડેજા, પૃથ્વીરાજસિંહ (પથુભા) રેવતુભા જાડેજા, દીપાલસિંહ (દિગુભા) કેસરીસિંહ જાડેજાની જુનાગઢ પોલીસ કરી હતી અને જેલ હવાલે કર્યા હતા.આ કેસમાં જૂનાગઢ સેશન્સ કોર્ટે તમામ આરોપીઓની જામીન અરજી ફગાવી દેતાં ગણેશ ગોંડલ સહિત પાંચેય આરોપીઓએ હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. આરોપીઓના વકીલ પ્રશાંત ખંઢેરીયાએ હાઈકોર્ટમાં દલીલ કરી હતી કે, કેસની તપાસ પૂરી થઈ ગઈ છે. ચાર્જશીટ પણ ફાઈલ થઈ ગયુ છે ત્યારે હાઈકોર્ટે અરજદારના જામીન મંજૂર કરવા જોઈએ.

# મોરબી નગરપાલિકાની ટીમે માર્કેટિંગયાર્ડમાં ઈકો કારમાંથી ૪૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો ઝડપી લીધો


મોરબી નગરપાલિકા દ્વારા શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક પકડવાની ઝુંબેશ યથાવત રાખી વધુ એક પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો રાખનાર ઉપર તવાઈ બોલાવી છે. જેમાં વહેલી સવારે માર્કેટિંગ યાર્ડમાં તપાસ હાથ ધરી ઈકો કારમાંથી ૪૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો પકડી લેવામાં આવી દંડ વસુલાયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર મોરબી નગરપાલિકા ચીફ ઓફિસર કુલદીપ સિંહ વાળાના માર્ગદર્શન હેઠળ નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર કૃષ્ણસિંહ જાડેજા તેમજ તેમની ટીમ દ્વારા આજરોજ વહેલી સવારે ૫.૩૦કલાકે શનાળા રોડ ઉપર આવેલ માર્કેટિંગ યાર્ડમાં ઈકો કારમાંથી પ્રતિબંધિત પ્લાસ્ટિકનો આશરે ૪૦ કિલો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો, આ સાથે તેને રૂપિયા ૩,૫૦૦/-નો દંડ પણ આપવામાં આવ્યો હતો.

# મોરબીમાં એકટીવા મોપેડમાં વેચાણ અર્થે દેશી દારૂ લઈ નીકળેલ એકને દબોચી લેવાયો: મુખ્ય આરોપીનું નામ ખુલ્યું

મોરબીમાં એકટીવા મોપેડમાં પ્લાસ્ટિકના બાચકામાં દેશી દારૂની હેરાફેરી કરતા એક શખ્સને ઝડપી લેવામાં આવ્યો છે, પોલીસની પ્રાથમિક પુછતાછમાં દેશી દારૂનો જથ્થો વેચાણ કરવા આપેલ મુખ્ય આરોપીના નામની કબુલાત આપતા તેને ફરાર દર્શાવી બંને આરોપીઓ સામે પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે. મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન શનાળા રોડ ઉપર જૈન દેરાસરવાળી શેરીમાં એકટીવા રજી.નં. જીજે-૦૩-એલઈ-૩૪૮૫માં આગળના ભાગમાં પ્લાસ્ટિકના બાચકાની અંદર દેશી દારૂની હેરાફેરી કરતા આરોપી કાસીમભાઈ ઈબ્રાહિમભાઈ શાહમદાર ઉવ.૨૧ રહે.લીલાપર રોડ સરકારી આવાસ યોજના બી.૧૫ બ્લોક નં.૨૦૧ વાળાને પકડી લેવામાં આવ્યો છે. આ સાથે પકડાયેલ આરોપી કાસીમની સઘન પૂછતાછમાં મોરબી કાલિકા પ્લોટમાં રહેતા અલીભાઈ મામદભાઈ પલેજાએ આ દેશી દારૂનો જથ્થો વેચાણ કરવા આપ્યો હોવાની કબૂલાત આપી હતી. જેથી પોલીસે ૫૦ લીટર દેશી દારૂ કિ.રૂ.૧૦ હજાર તેમજ એકટીવા મોપેડ કિ.રૂ.૫૦ હજાર એમ કુલ ૬૦ હજારનો મુદ્દામાલ કબ્જે કરી મુખ્ય આરોપીને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# વિછિયાના મોટામાત્રા ગામના યુવાનનું સગા મામા અને વેવાઈ સહિત સાત શખ્સોએ ઢીમ ઢાળી દીધું

## મામાની પુત્રવધુ સાથે મૃતકને આડો સંબંધ હોવાની શંકા પરથી ઘાતક હથિયારો વડે હુમલો કરી હત્યા નિપજાવી



વિછિયા તાલુકાના ખારચિયા ગામનો વતની અને હાલ મોટામાત્રા ગામની ચોકડી પાસે રહેતા યુવકને ચોટીલાના ધારેઈ ગામે રહેતા તેના મામાના વેવાઈએ ફોન કરી ધમકાવ્યા બાદ મોટાભાઈ ભાભીને ત્યાં જતો હતો ત્યારે સગા મામા તેના વેવાઈ સહિતના સાત શખ્સોએ કુહાડી, ધારિયા, છરી પાઈપ જેવા તિક્ષણ હથિયારો વડે હુમલો કરી મોતને ઘાટ ઉતારી દીધો હતો. હત્યા પાછળ એવું કહેવાય છે કે, મૃતક યુવાનને તેના મામાના દિકરાની પત્ની સાથે આડો સબંધ છે તેવી શંકા ઉદ્ભવી હતી. જે શંકાના આધારે સગાભાણેજને રહેસી નાખવામાં આવ્યો હતો. જાણવા મળતી વિગતો મુજબ વિછીયાના ખારચીયાના વતની અને હાલ નજીકના મોટા માત્રા ગામે ચોકડી નજીક રહેતાં અને મજુરી કરતાં રાયધન વશરામભાઈ સાડમીયા (ઉ.વ.૨૫)ની ફરિયાદ પરથી ચોટીલાના ધારેઈ ગામે રહેતાં રમેશ મેરાભાઈ દેવીપૂજક, સતા રમેશભાઈ, ટોના રમેશભાઈ, સાયલાના કશવાળી ગામે રહેતાં ચોથા સગરામ મંદુરીયા, રામકુ ચોથા મંદુરીયા, વનરાજ ચોથાભાઈ મંદુરીયા અને ઉમેશ ચોથાભાઈ મંદુરીયા વિરૂધ્ધ બીએનએસની કલમ ૧૦૩ (૧) સહિત હેઠળ ગેરકાયદે મંડળી રચી ધારીયા, લાકડી, પાઈપ, છરી, કુહાડીના ઘા ઝીંકી હત્યા નિપજાવવાનો ગુનો નોંધી આરોપીઓને સકંજામાં લેવા તજવીજ હાથ ધરી છે. રાયધન રાડમિયાએ જણાવ્યું હતુ કે, અમે બધા માત્રા ચોકડીથી આગળ આશરે એકાદ કીમી દૂર મોટા માત્રા બાજુના રસ્તે જતાં હતાં ત્યાં મોટા માત્રા બાજુથી બે બાઈક આવ્યા હતાં. જેમાં ધારઈનો રમેશ મેરાભાઈ, તેના બે દિકરા સતા રમેશ, ટોના રમેશ હતાં. તેની પાસે ધારીયા, લાકડી, કુહાડી હતાં. બીજા બાઈક પર મારા મામા ચોથા સગરામ મંદુરીય, તેના દિકરા રામકુ ચોથા, વનરાજ ચોથા, ઉમેશ સહિતના પાઈપ લાકડી સાથે ઉતર્યા હતાં. આ બધાએ એકસંપ કરી ગાળો દઈ મારા ભાઈ મયુર ઉર્ફ મયલા પર હુમલો કરી દીધો હતો અને આડેધડ ઘા મારવા માંડતાં મયુર રાડો પડીને પડી ગયો હતો. હુમલો થતાં અમે બધા ગભરાઈ ગયા હતાં. દેકારો મચાવતાં હુમલાખોરો ભાગી ગયા હતાં. બાદમાં અમે ૧૦૮ બોલાવી હતી. જેમાં બેસાડી મારા ભાઈ મયુરને વિછીયા હોસ્પિટલે લઈ ગયા હતાં. જ્યાં ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો.


# મોરબી શનાળા ગામ નજીક વાહન હડફેટે બાઈક સવાર પ્રૌઢનું મોત

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના શનાળા ગામ નજીક અકસ્માતનો બનાવ સામે આવ્યો છે. જેમાં બાઈક લઈને પરત પોતાના ગામ ચાચાપર જઈ રહેલ ખેડૂતને સુપર કેરી વાહનના ચાલકે પોતાનું વાહન પુરપાટ ગતિએ ચલાવી શનાળા ગામ શક્તિ માતાજીના મંદિર સામે રોડ ઉપર બાઈકને પાછળથી જોરદાર ટક્કર મારતા બાઈક ચાલક રોડ ઉપર પડી ગયા હતા ત્યારે ખેડૂતના માથામાં સુપરકેરી વાહનનું વ્હીલ ફરી વળતા બાઈક ચાલકનું મૃત્યુ નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ મોરબી તાલુકાના ચાચાપર ગામે રહેતા નરભેરામભાઈ નારણભાઈ પનારા ઉવ.૬૩એ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકે આરોપી સુપરકેરી વાહન રજી. જીજે-૩૬-વી-૧૫૯૪ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે ગઈકાલ તા. ૦૩/૧૦ના રોજ નરભેરામભાઈના નાનાભાઈ રાજેન્દ્રભાઈ કોઈ કામ સબબ સ્પ્લેન્ડર રજી.નં. જીજે-૦૩-ડીઆર-૬૫૭૨ ઉપર ચાચાપરથી મોરબી આવ્યા હોય જે બાદ સાંજના મોરબીથી પરત ચાચાપર જઈ રહ્યા હોય ત્યારે શનાળા રોડ શક્તિ માતાજીના મંદિર સામે રોડ ઉપરથી રાજેન્દ્રભાઈ પસાર થઈ રહ્યા હોય ત્યારે પાછળથી સુપરકેરી વાહન ચાલક આરોપીએ પોતાનું વાહન બેદરકારીથી ચલાવી બાઈકને હડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો. જેમાં બાઈક સહિત રાજેન્દ્રભાઈ રોડ ઉપર પડી ગયા હતા ત્યારે પાછળથી સુપરકેરી વાહનનું વ્હીલ રાજેન્દ્રભાઈ ઉપર ફરી વળતા માથામાં ગંભીર ઈજાને કારણે તેમનું મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માતના બનાવ બાદ સુપરકેરી વાહનનો આરોપી ચાલક પોતાનું વાહન સ્થળ ઉપર રાખી નાસી ગયો હતો. હાલ પોલીસે સુપરકેરી વાહનના આરોપી ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# જામનગરની બેડેશ્વરની દુકાન અને મકાન માથી દારૂ-બીયરનો જથ્થો ઝડપાયો



**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરના બેડેશ્વર વિસ્તારમાં આવેલા એક મકાનમાંથી એલસીબીએ અંગ્રેજી શરાબની બોટલ તથા બીયરના ટીન મળી ૫૨૩ નંગ કબજે કર્યા છે. તે જથ્થો મંગાવનાર બે શખ્સના નામ ખૂલ્યા છે. ઉપરાંત નાસ્તાની એક દુકાનમાંથી ૧૯ બોટલ પકડી લેવાઈ છે. ગુલાબનગરના એક મકાનમાંથી ચાર બોટલ પોલીસે કબજે કરી છે. જામનગરના બેડી નાકા પાસે આવેલી જૂની જયશ્રી ટોકિઝવાળી ગલીમાં નવાનગર સ્કૂલની સામેની એક દુકાનમાં અંગ્રેજી શરાબનો જથ્થો પડ્યો હોવાની બાતમી પરથી સિટી એ ડિવિઝનના સર્વેલન્સ સ્ટાફે પીઆઈ એન.એ. ચાવડાની સૂચનાથી હરસિદ્ધિ ઢોસા નામની દુકાનમાં દરોડો પાડ્યો હતો. તે દુકાનની તલાશી લેવાતા ત્યાંથી શંકરટેકરીના સુભાષપરા સ્થિત શેરી નં.૧માં રહેતો શોભરાજસિંહ હઠીસિંહ ચૌહાણ નામનો શખ્સ અંગ્રેજી શરાબની જુદી જુદી બ્રાંડની ૧૯ બોટલ સાથે મળી આવ્યો હતો. પોલીસે બોટલ કબજે કરી આરોપીની અટક કરી છે.જામનગરના બેડેશ્વર વિસ્તારમાં આવેલા ગરીબનગર પાણાખાણમાં એક મકાનમાં દારૂનો જથ્થો પડ્યો હોવાની બાતમી એલસીબીના કિશોર પરમાર, ક્રિપાલસિંહ, અરજણ ભાઈ, ધર્મેન્દ્રસિંહને મળતા પીઆઈ વી.એમ. લગારીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ પી.એન. મોરી, એ.કે. પટેલ તથા સ્ટાફે સાજીદ ઈબ્રાહીમ સુરાણીના મકાનમાં દરોડો પાડતા સાજીદ તથા નિઝામ રસીદ ચંગડા દ્વારા મંગાવીને રાખવામાં આવેલી અંગ્રેજી શરાબની નાની મોટી બોટલ તથા બીયરના ટીન મળી ૫૨૩ નંગ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. દરોડા પહેલાં બંને આરોપી નાસી ગયા હતા.એલસીબીએ રૂપિયા ૯૨,૫૦૦નો મુદ્દામાલ કબજે કરી બંને સામે સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુન્હો રજીસ્ટર કરાવ્યો છે.જામનગરના ગુલાબનગર પાસે ભાનુ પેટ્રોલપંપ સામેના ઢાળીયા નજીક કાયદાથી સંઘર્ષિત એક કિશોરના મકાનમાં દરોડો પાડી ગુલાબ નગર પોલીસ ચોકીના સ્ટાફે તલાશી લીધી હતી. ત્યાંથી દારૂની ત્રણ બોટલ મળી આવી હતી. ઝડપાયેલા કિશોરે તે જથ્થો ગુલાબનગરના ચેતન હરજીભાઈ પરમાર પાસેથી લીધો હોવાની કબૂલાત કરી છે.

# ચોટીલા ડુંગરે શ્રદ્ધાળુઓનું ઘોડાપૂર, માતાજીની ધ્વજા સાથે વાજતે-ગાજતે પદયાત્રિકોના સંઘ પહોંચ્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

હિન્દુ ધર્મમાં નવરાત્રિના પર્વનું વિશેષ મહત્વ છે અને નવરાત્રિ દરમિયાન લોકો ભક્તિમાં લીન બને છે. ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ચોટીલા ખાતે પણ નવરાત્રિના પહેલા નોરતે (ત્રીજી ઓક્ટોબર) સવારથી માઈ ભક્તોની ભીડ ઊમટી પડી હતી. સવારથી સાંજ સુધી હજારોની સંખ્યામાં પહેલા દિવસે ભક્તોએ ચામુંડા માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

નવરાત્રિ પર્વ નિમિત્તે ગુજરાતના પાવાગઢ, અંબાજી સહિતના આદ્યશક્તિના ધામોમાં ભક્તોનો ધસારો વધી જાય છે. ત્યારે ચોટીલામાં ચામુંડા માતાજી ધામે પહેલા નોરતે સવારથી સાંજ સુધીમાં ૬૨ હજારથી વધુ ભક્તોએ માતાના ચરણોમાં શિષ ઝૂકાવ્યું હતું. ચોટીલા ખાતે બિરાજમાન ચામુંડા માતાજીના દર્શનનું વિશેષ મહત્વ છે અને પુનમ સહિત બારે મહિના મોટી સંખ્યામાં ભક્તો માતાના દર્શને ઊમટી પડે છે.

ચોટીલા મંદિર ડુંગર ટ્રસ્ટ દ્વારા નવરાત્રીમાં ભક્તોના ધસારાને ધ્યાને લઈ દર વર્ષની જેમ આ વર્ષે પણ ત્રીજી ઓક્ટોબરે પગથિયાના દ્વાર સવારના ૪:૩૦ વાગ્યે ખોલવામાં આવ્યા હતા. જો કે અગાઉથી જ ભક્તો રાતથી ચામુંડા માતાજીના ડુંગર નીચેના પટાંગણમાં આવી પહોંચ્યા હતા. પગથિયાના દ્વાર ખુલતા જ ડુંગર પર બીરાજમાન ચામુંડા માતાજીના દર્શન કરવા ડુંગર ચઢવા લાગ્યા હતા. સવારની આરતીના



સમયમાં પણ ફેરફાર કરીને નવરાત્રિ દરમિયાન ૫:૦૦ વાગ્યાનો કરવામાં આવ્યો છે. ત્યારે ભક્તોએ ચામુંડા માતાજીની આરતીનો પણ લાભ લીધો હતો.

સુરેન્દ્રનગર જિલ્લા સહિત આસપાસના અમદાવાદ, રાજકોટ, મહેસાણા, બનાસકાંઠા, પંચમહાલ સહિતના જિલ્લાઓમાંથી તેમજ બહારના રાજ્યમાંથી પણ ભક્તો ચામુંડા માતાજીના દર્શન કરવા ઊમટી પડ્યા હતા. ઉપરાંત પદયાત્રીઓ પગપાળા સંઘમાં માતાજીની ધ્વજા અને વાજતે ગાજતે દર્શનાર્થે આવી પહોંચ્યા હતા. ત્યારે સમગ્ર માહોલ ભક્તિમય બન્યો હતો.

# આવતીકાલે રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળશે : કુલ ૪૫ દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મુકાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આવતીકાલે રાજકોટ સ્ટેન્ડિંગ કમિટીની બેઠક સવારે ૧૧:૦૦ કલાકે જૈમીન ઠાકરની અધ્યક્ષતામાં મળશે જુદી જુદી ૪૫ દરખાસ્તો પર નિર્ણય લેવાશે ખાસ કરીને શેરના જુદા જુદા સ્થળોએ હોડિંગ બોર્ડ પર જાહેરાત પ્રસિદ્ધ કરવાના હક બાબતે નિર્ણય લેવાશે વધુમાં પ્રદ્યુમન પાર્ક ઝૂ ખાતે લાયન્સ પાર્કની ની અંદર ઈન્ટર્નલ ડામર રોડ કરવાના કામ અંગે પણ લેવાશે

આવતીકાલે મળી રહેલી બેઠકમાં કરોડોના જુદા જુદા વિકાસ કામોને લીલીઝંડી અપાશે શેર નો વોર્ડ નંબર ૧૨ માં જુદી જુદી જગ્યાએ કુલ છ આંગણવાડી બનાવવાના કામ અંગે દરખાસ્ત મુકાય છે ખાસ કરીને રાજકોટ મહાપાલિકામાં ફરજ બજાવતા સફાઈ કામદારોને સેવા નિવૃત્તિ આપી તેઓની જગ્યાએ તેઓના વારસદારોને નિમણૂક આપવા બાબતે પણ ચર્ચા વિચારણા થશે ખાસ કરીને આ બેઠકમાં ડી આઈ પાઈપલાઈન તેમજ રસ્તાના સમારકામ અંગે પણ નિર્ણય લેવાશે.

શહેરની ભાગોળે આવેલ રાંદરડા નર્સરી તરફ ૨૯ હેકટરની જગ્યામાં એશિયાટીક લાયન સફારી પાર્ક બનાવવા ગત બજેટમાં ૨૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. જ. અંતર્ગત વોર્ડ નં.૦૫માં રૂ.૨૦.૧૮ કરોડના ખર્ચે એશિયાટિક લાયન સફારી પાર્ક માટે કમ્પાઉન્ડ વોલ તથા ચેઈનલીંક ફેન્સીંગ દિવાલ બનાવવાના કામનું ખાતમુહૂર્ત વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડના હસ્તે કરવામાં આવ્યું છે.

નોંધનીય છે કે, શહેર તથા આસપાસના જીલ્લાઓના મુલાકાતીઓ ઝૂ ખાતે પધારે છે. જેઓને પ્રાણીસંગ્રહાલય ઉપરાંત નવા નજરાણા સ્વરૂપે લાયન સફારી પાર્ક જેવું ઉત્તમ આકર્ષક ફરવાનું સ્થળ મળી રહે અને સિંહ સંરક્ષણ-સંવર્ધનના પ્રયત્નોમાં વધારો થાય તેમજ ઈકો ટુરીઝમ ક્ષેત્રે વધારો થાય તે માટે રાજકોટ પ્રાણીઉદ્યાનના વિસ્તૃતિકરણ તરીકે એશિયાટીક લાયન સફારી પાર્ક બનાવવામાં આવનાર છે. જે માટે નઝૂથની પૂર્વ દિશાએ સર્વે નં.૧૪૪, ૧૪૫ તથા ૧૫૦ની કુલ અંદાજે ૨૯ હેકટર જમીનમાં લાયન સફારી પાર્ક વિકસાવવામાં આવનાર છે. જે અંતર્ગત આજે તા.૩ના વોર્ડ નં.૦૫માં રૂ.૨૦.૧૮ કરોડના ખર્ચે એશિયાટિક લાયન સફારી પાર્ક માટે કમ્પાઉન્ડ વોલ તથા ચેઈનલીંક ફેન્સીંગ દિવાલ બનાવવાના કામનું ખાતમુહૂર્ત વિધાનસભા-૬૮ના ધારાસભ્ય માન.શ્રી ઉદયભાઈ કાનગડના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. આ અંગે પણ ચર્ચા થશે.

# કુમકુમના પગલાં પડ્યા... માડી નાં હેત ઢળ્યા : ગોપી રાસોત્સવમાં થઈ જમાવટ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પ્રથમ નોરતે આરતીનો લાભ વજુભાઈ વાળા (પૂર્વ રાજ્યપાલ કર્ણાટક), કેબીનેટ મંત્રી બાનુબેન બાબરીયા, સાંસદ સભ્ય રામભાઈ મોકરીયા, ગુજરાત કોંગ્રેસ પ્રદેશ અગ્રણી મહેશભાઈ રાજપુત, મનીષભાઈ માડેકા (રોલેક્ષ કંપની - ચેરમેન) આ તમામ મહાનુભાવો ના હસ્તે આરતી કરવામાં આવેલ.

આજના ઈનામો યુ.કે. બ્રાભરણીયા (ડ્જઈ), અમિતભાઈ ગોહેલ,, ઘનશ્યામભાઈ પરસાણા, કાશ્મીરાબેન નથવાણી, ડો. ચંદાબેન શાહ, નીલુબેન મહેતા, સુધાબેન ભાયા, અલકાબેન કામદાર, ભાવનાબેન બગડાઈ, માયાબેન પટેલ, ગીતાબેન હિરાણી, છાયાબેન દવે વગેરે મહાનુભાવો ના હસ્તે વિજેતાઓને ઈનામ આપવામાં આવેલ.

સરગમ લેડીઝ કલબ દ્વારા આયોજિત ગોપી રાસોત્સવમાં રોજેરોજ



જમાવટ થઈ રહી છે. માતાજીના પરંપરાગત ગરબા ઉપર મોટી સંખ્યામાં બહેનો થીરકી રહી છે અને આટલા વિશાળ અને સુંદર આયોજનને નિહાળવા માટે મહાનુભાવો ઉમટી રહ્યા છે. આ રાસોત્સવમાં વિજેતા બહેનોને રોજેરોજ લાખેણા ઈનામો આપવામાં આવે છે. આ કાર્યક્રમ ને સફળ બનાવવા ગુણવંતભાઈ ડેલાવાળા, રાજભા ગોહેલ, ભરતભાઈ સોલંકી, રાજેન્દ્રભાઈ શેઠ, મનસુખભાઈ ધંધુક્યિા, રમેશભાઈ અકબરી, જયસુખભાઈ ડાભી, મનમોહનભાઈ પનારા, પ્રફુલ્લભાઈ પરમાર તેમજ લેડીઝ કલબના જસુમતીબેન વસાણી, અલકાબેન ધામેલિયા, ચેતનાબેન સવજાણી, હેતલબેન થડેશ્વર, વૈશાલીબે શાહ, આશાબેન ભૂછડા, મિતલબેન ચગ તથા લેડીઝ કલબ અને જેન્ટ્સ કલબના બને કમીટી મેમ્બરો જહેમત ઉઠાવે.

# ફાયર વિભાગમાં ફરી અંધારુંઃ ઈન્ચાર્જ અમિત દવેનું રાજીનામું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મહાનગરપાલિકાના નામથી અને કામથી ગરમ ફાયર વિભાગનું હેડ બનવા કોઈ તૈયાર નથી. અત્યાર સુધી સીએફઓનો ચાર્જ સંભાળનાર લોકો અન્ય સ્થળે અટવાઈ ગયા છે. ત્યારે ના છૂટકે મ્યુનિસિપલ કમિશનરે કલાસ-૩ અધિકારી અને સ્ટેશન ઓફિસર અમિત દવેને સીએફઓ તરીકે ચાર્જ આપ્યો હતો. પરંતુ તેઓએ કૌટુંબીક કારણોસર ચાર્જ લેવાની ના પાડી એકસપ્તાહ પહેલા પત્ર પાઠવ્યો હતો અને આજે તમામ પદ ઉપરથી રાજીનામું આપી દેતા ફાયર વિભાગ ફરી વખત નધણિયાતીસ્થિતિમાં મુકાઈ ગયું છે.



રાજકોટનાં ઝછડ ગેમ ઝોનમાં ગત ૨૫ મેના રોજ આગ ભભૂકી ઉઠી અને ૨૭ નિર્દોષો જીવતા ભુંજાઈ ગયા હતા, જેમાં ફાયર ગધઈ નહીં હોવાને લઈ ચીફ ફાયર ઓફિસર અને ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસરને જેલહવાલે કરાયા હતા. આ પછી તેમની જગ્યાએ કચ્છથી મૂકાયેલા ચીફ ફાયર ઓફિસર લાંચ લેતા ઝડપાઈ જતા તેમને પણ જેલહવાલે કરવામાં આવ્યા છે.

બાદમાં અમદાવાદનાં કલાસ-૧ ઓફિસરની નિમણૂક કરવામાં આવી હતી પરંતુ, તેમણે ચાર્જ નહીં સંભાળતા ફાયર ગધઈની કામગીરી લાંબા સમયથી ઠપ્પ હતી જેને લઈ મ્યુ. કમિશનર દ્વારા કલાસ-૩ ઓફિસર અમિત દવેને ચીફ ફાયર ઓફિસરનો ચાર્જ સોંપવામાં આવ્યો હતો અને તેમણે ચાર્જ પણ સંભાળી લીધો હતો.

જો કે, હવે અમિત દવેએ અંગત કારણોસર રાજીનામું આપી દીધું છે.

# સરગમ કલબ તેમજ લંડન મા કૃપા ફાઉન્ડેશનના સયુંકત ઉપક્રમે દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સાસ્કૃતિક, સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ કલબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ કલબ અને લંડન મા કૃપા ફાઉન્ડેશન જયંતિભાઈ ખંગ્રામ ના સયુંક્ત ઉપક્રમે તા.૧/૧૦/૨૦૨૪ થી ૩/૧૦/૨૦૨૪ ના રોજ આ જયપુર કેમ્પ યોજાયેલ. આ કેમ્પમાં કુલ ૮૬ દર્દીઓ એ લાભ લીધો જેમાં કેલીપર્સ નાં દર્દી ૩૮ લેગ (પગ) નાં દર્દી ૩૬અને રીપેરીંગ ૧૨ દર્દી વિનામૂલ્યે લાભ લીધો. સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા અને શ્રી જયંતિભાઈ ખંગ્રામ એ જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. આ કેમ્પમાં અમોને મા કૃપા ફાઉન્ડેશન (લંડન) ટ્રસ્ટી જયંતીભાઈ ખંગ્રામ, રશ્મીભાઈ શાહ. અશોકભાઈ ડાલિયા, રમેશભાઈ પોપટ, બ્રિજેશભાઈ મોદી નો સહયોગ મળેલ છે. આ કેમ્પની સફળતા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ જતથા





જયંતિભાઈ ખંગ્રામ તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ યોજાયેલ. આ કેમ્પ ને સફળ બનાવવા માટે શ્રી દીપકભાઈ કમાણી, રશ્મિભાઈ કમાણી, કિશોરભાઈ પરમાર, જે.કે. સરાઠે તથા સરગમ કલબના કમિટી મેમ્બર પ્રફુલભાઈ મિરાણી, અનવરભાઈ ઢેબા, કનૈયાલાલ ગજેરા, તેમજ અલકાબેન કામદાર, ભાવનાબેન મહેતા, ચેતનાબેન સવજાણી, મધુરીકાબેન જાડેજા, કૈલાશબા વાળા, આશાબેન ભૂછડા, સુધાબેન દોશી, જયશ્રીબેન વ્યાસ, હર્ષાબેન પીઠડીયા, મિતલબેન ચગ, દિવ્યાબેન ઉમરાણીયા, ગીતાબેન ઉનાગર વગેરે જહેમત ઉઠાવી હતી. આ કેમ્પ માં રાજસ્થાનનાં ડોકટરો જગનલાલ ચોધરી, હેમંત શર્મા, તુફાનસિંહ તોમર વગેરે સેવા આપેલ આવનારા તમામ દર્દી ઓને વિના મુલ્યે ચા પાણી આપવામાં આવેલ. દિવાળી તહેવાર ને અનુલક્ષી ને આગામી કેમ્પ તા.૭/૧૧/૨૦૨૪ થી ૦૯/૧૧/૨૪ નાં રોજ ૩ દિવસ માટે યોજાશે.

# પ્રદ્યુમન પાર્ક ઝૂમાં આજે વિનામૂલ્યે પ્રવેશ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મહાનગરપાલિકા દ્વારા આવતી આજે વિશ્વ પ્રાણી દિવસ નિમિતે પ્રદ્યુમન પાર્ક ઝુ ખાતે તમામ મુલાકાતીઓને વિનામુલ્યે પ્રવેશ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઝુના નિયત સમય મુજબ આવતા તમામ મુલાકાતીઓ વિનામુલ્યે પ્રદ્યુમન પાર્કની મુલાકાત લઈ શકશે. તેમ પદાધિકારીઓ દ્વારા જણાવવામાં આવેલ છે.

રાજકોટ પ્રાણીઉદ્યાનનો સેન્ટ્રલ ઝૂ ઓથોરેટી ઓફ ઈન્ડીયાના માર્ગદર્શન મુજબ આધુનીક ઢબે વિકાસ કરવામાં આવતા રાજકોટ ઝૂ હાલ સૌરાષ્ટ્રનાં પ્રવાસીઓ માટે ફરવા માટેનું ખુબજ ઉત્તમ સ્થળ બની ગયેલ છે.

જાહેર રજા તથા તહેવારોના દિવસો દરમિયાન ઝૂ ખાતે મોટી સંખ્યામાં મુલાકાતીઓ પાર્કની મુલાકાતે આવતા હોય છે. દર વર્ષે ૦૨ ઓકટો. થી ૦૮ ઓકટો દરમિયાન ઝૂ ખાતે વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે.જેમાં સમગ્ર સપ્તાહ દરમિયાન તમામ શાળા-કોલેજનાં વિદ્યાર્થીઓને નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવે છે. ઉપરાંત, વન્યપ્રાણીઓ અંગે વધુ ને વધુ લોકજાગૃતિ કેળવાય તે માટે ૦૪-ઓકટો-૨૦૨૪નાં રોજ વિશ્વ પ્રાણી દિવસ નિમિત્તે તમામ મુલાકાતીઓને પ્રાણીસંગ્રહાલય ખાતે નિઃશુલ્ક પ્રવેશ આપવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ચાલુ વર્ષ:૨૦૨૪-૨૫નાં બજેટમાં નિર્ણય કરવામાં આવેલ હતો. જેના અનુસંધાનમાં આવતીકાલ તા.૦૪/૧૦/૨૦૨૪, શુક્રવારના રોજ વન્ય પ્રાણી દિવસ નિમિતે પ્રદ્યુમન પાર્ક ઝૂની મુલાકાત માટે નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે.

# ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિનો સરસ્વતિ સન્માન સમારોહ યોજાયો

## જ્ઞાતિના આગેવાનો, યુવાન ભાઈઓ-બહેનોને શિક્ષીત દિક્ષીત અને સંગઠીત બનવા માટેની અપીલ કરતા નરેન્દ્રભાઈ સોલંકી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમસ્ત રાજકોટ દ્વારા તા. ૨-૧૦-૨૦૨૪ ને બુધવારના રોજ પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ સોલંકી (નરેન્દ્રબાપુ ગુરૂ શ્રી જીવરાજ બાપુ) ની અધ્યક્ષતામાં શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ ના વિદ્યાર્થી દીકરા- દીકરીઓના હિતાર્થે મેગા શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સરસ્વતિ સન્માન સમારોહ યોજાયો હતો. છેલ્લા ધણા વર્ષોથી જ્ઞાતિ ના અભ્યાસ કરતા વિદ્યાર્થી દીકરા-દીકરીઓને શૈક્ષણિક સહાય મળી રહે તેમજ વિર્ધાર્થીઓને પ્રોત્સાહન મળી રહે તે હેતુ થી શ્રી ગુર્જર ક્ષત્રીય કડિયા જ્ઞાતી સરસ્વતી સન્માન સમારોહ તા.૨-૧૦-૨૦૨૪ ને બુધવાર નું ભવ્યાતી ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં રાજકીય ક્ષેત્રના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, રાજકોટ સંસદ સભ્ય પરસોતમભાઈ રૂપાલા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, રા.મ્યુ.કો.ના મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા,ધારાસભ્ય દર્શીતાબેન શાહ, પૂર્વ મંત્રી શ્રી ગોવિંદભાઈ પટેલ, સૌરાષ્ટ્ર કચ્છના પ્રવકતા રાજુભાઈ ધ્રુવ,ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, નેતાશ્રી નીલુબેન જાદવ, દંડક શ્રી મનીષભાઈ રાડીયા, વિક્રમભાઈ પુજારા હાજર રહેલ હતા.

આ તકે સાંસદ સભ્ય શ્રી પરસોતમભાઈ રૂપાલા, પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, રાજકોટ શહેર ભા.જ.પ અધ્યક્ષ મુકેશભાઈ દોશી, મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, સૌરાષ્ટ્ર કચ્છના પ્રવકતા રાજુભાઈ ધ્રુવ, દંડકશ્રી મનીષભાઈ રાડીયા વિગેરે રાજકીય આગેવાનશ્રીઓએ પોતાના વકતવ્યમાં જણાવેલ હતુ કે હાલની આ એકવિસમી સદી શિક્ષણ અને સંગઠનની સદી છે સમાજના દરેક દિકરા દિકરીઓ શિક્ષીત બને, દિક્ષીત બને અને દરેક સમાજની સાથે કદમ થી કદમ મીલાવીને ચાલી શકે તેના માટે શિક્ષણ ખુબજ આવશ્યક છે જેટલુ દિકરાઓ માટે શિક્ષણ આવશ્યક છે તેનાથી પણ વધારે



દિકરીઓ માટે પણ શિક્ષણ આવશ્યક છે શિક્ષણની સાથે સાથે કોમ્પ્યુટરનુ જ્ઞાન તેથી પણ વિશેષ આવશ્યક છે. શિક્ષણ હશે પરંતુ કોમ્પ્યુટરની અને હાલની નવીનવી ટેકનોલોજીનું જ્ઞાન નહી જાણતા હોઈએ તો આપણે અભણ જ છીએ એવુ લાગે છે. હાલની એક્વીસમી સદીમાં દરેક પ્રકારની ટેકનોલોજી દરેક પ્રકારના શિક્ષણ હોવાથી દુનીયા આપણી મુઠ્ઠીમાં છે. કોમ્પ્યુટરની અંદર એક કલીક કરવાથી ઓલ વલ્ડની અંદર બનતા વિષયોને આપણે આંગળીના ટેરવે જોઈ શકીએ છીએ. કડિયા સમાજના દિકરા દિકરીઓ માટે નરેન્દ્રભાઈ સોલંકી કે જેઓ ઘણા વર્ષોથી કડિયા સમાજની પ્રમુખની જવાબદારીઓ નિભાવે છે તેઓ પોતે અંગત રસ લઈ ભલે કડિયા સમાજના દિકરા દિકરીઓનું શિક્ષણની અંદર ડેવલોપમેન્ટ થાય સમાજ સંગઠીત બને તેવા વર્ષોથી પ્રયત્નો કરતા આવ્યા છે. જયારે કોમ્પ્યુટર યુગની શરૂઆત થઈ ત્યારે રાજકોટની અંદર કડિયા જ્ઞાતિના દિકરા દિકરીઓ માટે કડિયા સમાજ દ્વારા કડિયા સમાજના નરેશભાઈ પરમાર તેમજ કર્મચારીઓની ટીમ દ્વારા કોમ્પ્યુટરનું શિક્ષણ સંપૂર્ણપણે વિનામુલ્યે ચાલુ કરેલ હતુ જે ખુબજ સરાહનીય બાબત છે. કડિયા સમાજ અને ભારતીય જનતા પાર્ટી બન્ને એકબીજાના સુખદુઃખના સાથે અને પુરક તરીકે કામ કરે છે. તેમજ સામાજીકક્ષેત્રના કડિયા સમાજના શ્યામવાડી ટ્રસ્ટના અધ્યક્ષ મનસુખભાઈ ટાંક, પ્રમુખ શ્રી હેમરાજભાઈ કાચા, વિધાર્થી બોડીંગના અધ્યક્ષ નરસિંહભાઈ સવાણી, વિધાર્થી મંડળના પ્રમુખ ડી.પી.રાઠોડ, શ્યામવાડી ટ્રસ્ટના ઉપપ્રમુખ કિશોરભાઈ પરમારપી.પી. રાઠોડ, જ્ઞાતિ સમસ્તના મંત્રી હસુભાઈ ચોટલીયા, રમતગમત અને સાંસ્કૃતિક સમિતિના ચેરમેન વિરેનભાઈ કાચા, જેન્તીભાઈ ગાંગાણી, એડવોકેટ પરેશભાઈ મારૂ, એડવોકેટ તેજસભાઈ ગાંગાણી, રતીભાઈ ટાંક, નરેન્દ્રભાઈ રાઠોડ, કાંતીભાઈ રાઠોડ, દામજીભાઈ ચોટલીયા, પિયુષભાઈ ટાંક એડવોકેટ, પ્રકાશભાઈ સાપરીયા, હસમુખભાઈ ગોહેલ, અરવિંદભાઈ ગોહીલ, રાકેશભાઈ મનાણી, ભરતભાઈ રત્નાણી, તેજસભાઈ મકવાણા, દિનેશભાઈ જાવીયા, જગદીશભાઈ વાઘેલા, દિનેશભાઈ સોલંકી, કરશનભાઈ ગાંગાણી, રશ્મીનભાઈ કાચા, રાજુભાઈ કાચા, અનીલભાઈ સાપરીયા, હરીભાઈ પરમાર, ભાવીનભાઈ ચોટલીયા, સંજયભાઈ ગાંગાણી, જ્ઞાનેન્દ્રભાઈ (પીન્ટુભાઈ) સોલંકી, અશોકભાઈ સોલંકી, દિપકભાઈ કાચા, રસીકભાઈ કાચા, વિશાલભાઈ વરૂ વિગેરે સમાજના દરેક આગેવાનશ્રીઓ ની ઉપસ્થિતીમાં ભવ્યાતિ ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# ચાલુ સાલના બજેટમાં મંજુર થયેલ કામો અંગે સમીક્ષા બેઠક કરતા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે સ્ટે કમિટી દ્વારા મંજુર કરવામાં આવેલ બજેટના અનુસંધાને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર દ્વારા ગત સપ્તાહે તમામ લગત શાખાધિકારીઓ સાથે બજેટની અમલવારીના સ્ટેટસ રીવ્યુ અંગે મીટીંગ કરવામાં આવેલી. જે બજેટમાં તમામ નાયબ કમિશનર, સીટી એન્જીનીયરઓ, તથા લગત અધિકારઓ સાથે બજેટમાં મંજૂર થયેલ તથા બજેટમાં સૂચવેલા કામો હાલ કયા તબક્કે છે, તથા કયા કામો કઈ સમય મર્યાદામાં પૂર્ણ થશે, જે અંગે સ્ટે કમિટી ચેરમેન દ્વારા વિસ્તૃત માહિતી મેળવવામાં આવી હતી.

આ મિટીંગમાં નાયબ કમિશનર સ્વપનીલ ખરે, સી.કે. નંદાણી, એચ.આર. પટેલ, ટી.પી.ઓ. એસ.એમ. પંડ્યા, સેક્રેટરીએચ.પી. રૂપારેલીઆ, ડે.સેક્રેટરી ડી.એન. જેસડીયા, આસી. સેક્રેટરી એચ.જી. મોલીયા તેમજ સીટી એન્જીનીયરઓ,અતુલ રાવલ, પરેશ અઢીયા, કુંતેશ મહેતા, વાય.કે. ગોસ્વામી, કે.પી. દેથરીયા, બી.ડી. જીવાણી તથા સંલગ્ન વિભાગના વોર્ડ એન્જીનીયરઓ, રોશની, સ્માર્ટ સીટી તથા અન્ય કામગીરી સાથે સંકળાયેલા નાયબ કાર્યપાલક



ઈજનેરો હાજર રહેલ.

સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર દ્વારા આવનારા દિવસોમાં પણ બજેટમાં મંજૂર થયેલ કામોની સમીક્ષા તથા બજેટમાં ઉમેરવામાં આવેલ નવી યોજનાઓનું સમયબધ્ધ અમલીકરણ થાય તે સુનિશ્ચિત કરવા માટે લગત અધિકારીઓ સાથે બજેટ અન્વયે કરેલ કામગીરી અંગે સમયાંતરે બેઠક કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# રાજકોટ જીલ્લાના ૫ તાલુકામાં ૨II કરોડથી વધુના ખર્ચે રમતગમતના ૫ મેદાનો બનાવવાનું કામ ગતિમાં

## લોધીકા-ઉપલેટા-જામકંડોરણા-પડધરી-કોટડાસાંગાણીની પસંદગીઃ કલેકટરનો નિર્દેશ



**મુખ્ય સમાચાર,રાજકોટ**

સ્પોર્ટસમાં ભારે રૂચિ ધરાવનાર રાજકોટ જીલ્લાના કલેકટર શ્રી પ્રભવ જોષીએ આજે પત્રકારોને જણાવ્યું હતુ કે, રાજકોટ જીલ્લાના પાંચ તાલુકામાં રાા કરોડથી વધુ એટલે કે ૨૬૪ લાખથી વધુના ખર્ચે યુવક-યુવતીઓના પ્રેરણારૂપ રમત-ગમતના મેદાનને બનાવવાનું કામ પુરગતિમાં ચાલુ છે. આની ગ્રાન્ટ ડીસ્ટ્રીકટ મેડલ ફાઉન્ડેશનમાંથી આવી રહી છે. તેમણે જણાવેલ કે લોધીકામાં ૭ એકર જગ્યા ઉપર ૬૫ લાખના ખર્ચે, ઉપલેટા-૫૧ લાખ, જામકંડોરણા-૪૮ લાખ, પડધરી-૪૬ લાખ તથા કોટડાસાંગાણીમાં ૩૪.૬૪ લાખના ખર્ચે મેદાનો બની રહયા છે. જસદણ ખાતે મેદાન છે. જયારે ગોંડલ- ધોરાજી, જેતપુર પંથકમાં રમત-ગમતના મેદાનો માટે જગ્યાઓની શોધખોળ ચાલુ છે. દરેક મેદાન ઉપર વોલીબોલ, કબડ્ડી, ખો-ખો, બાસ્કેટ બોલ, તથા ૪૦૦ મીટર રનીંગ-વોકીંગ ટ્રેકની સુવિધા ઉભી થઈ રહી છે. દરેક મેદાનમાં દેખરેખ માટે જે તે વિસ્તારના મામલતદારના વડપણ હેઠળની કમિટી કાર્યવાહી કરશે.

# સસ્તા અનાજના દુકાનદારોની પુરવઠા નિયામક સાથેની બેઠક ફરી એકવાર પડી ભાંગી

- **હડતાળ ચાલુ રહેશે, ૯૭ ટકા વિતરણની શરતમાં ફેરફાર માટે સરકાર તૈયાર ન થઈ**

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહિત રાજ્યભરના ૧૭૦૦૦ જેટલા સસ્તા અનાજના દુકાનદાર રૂ.૨૦ હજાર કમિશન અને ૯૭ ટકા અનાજના ઓનલાઈન વિતરણ મુદ્દે હડતાળ પર ઉતર્યા બાદ ગાંધીનગર ખાતે ગુરુવારે બેઠક યોજાઈ હતી જેમાં પુરવઠા નિયામક અને સચિવે ૯૭ ટકા ઓનલાઈન વિતરણની શરતમાં ફેરફારની તૈયારી ન દર્શાવતા બેઠક પડી ભાંગી હતી અને સસ્તા અનાજના વેપારીઓએ હવે તહેવાર પર હડતાળ ચાલુ રાખવાની જાહેરાત કરી છે.

ઓલ ગુજરાત ફેરપ્રાઈસ શોપ એસોસિએશનના મહામંત્રી હિતુભા જાડે જાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, પુરવઠા નિયામક તુષાર ધોળકિયાએ વાટાઘાટો માટે બોલાવ્યા હતા, પરંતુ પ્રથમ બે કલાકમાં કોઈ નિરાકરણ નહીં આવતા વાટાઘાટો ભાંગી પડી હતી. ત્યારબાદ પુરવઠા સચિવ મીણાને મળ્યા હતા, પરંતુ તેમને પણ સસ્તા અનાજના વેપારીઓના પ્રશ્ન હલ થાય તેવો કોઈ રસ્તો કર્યો નહીં.

સાંજે ફરી પુરવઠા નિયામક અને સચિવ સાથે ત્રીજી બેઠક થઈ પરંતુ તેમાં પણ કોઈ પરિણામ ન મળ્યું. આથી હવે હડતાળ ચાલુ રહેશે.

દરમિયાનમાં મુખ્યમંત્રી અને પુરવઠા મંત્રીને સસ્તા અનાજના વેપારીઓએ આવેદન પાઠવ્યું હતું. જેમાં રૂ.૨૦ હજારના કમિશનના પરિપત્રમાં સુધારો કરી ૯૭ ટકા ઓનલાઈન વિતરણની શરત રદ કરવા માગણી કરી હતી. તેમજ ૧ ટકો માલ ઘટ મજરે આપવા પણ માગણી કરાઈ હતી. આ બેઠક ભાંગી પડતા અને હડતાળ ચાલુ રહેતા તહેવારો ટાંકણે ભારે દેકારો બોલી જાય તેવા સંકેતો મળી રહ્યા છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

